بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# વફાતુન્નબી

( સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ )

ઇન્નકા મય્યેતુંવ વ ઇન્નતુમ મય્યેતુન

: લેખક :

ડોકટર મસઉદ્દુદીન ઉસ્માની

એમ.બી.બી.એસ. (લખનવ)

ફાઝિલ ઉલુમે દીનીય્યા (વફાકુલ મદારિસ)

بسم الله الرحمن الرحيم

# વફાતુન્નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

## નહમદોહુ વનોસલ્લી અલા રસુલેહિલ કરીમ

અમ્માબાદ,

ઉમ્મતે મુહમ્મદિયાનું નસીબ કે કુર્આન અને હદીસ તથા સહાબાની સર્વાનુમતિથી વફાતુન્નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઉકેલાઇ ગયેલો પ્રશ્ન આજે વિવાદાસ્પદ મસઅલો બની ગયો છે અને ઉમ્મતની બહુમતીનો અકીદો એ બની ગયો છે કે નબી (સલ.) ઉમ્મુલ મોમેનીન આયેશા રદિયલ્લાહોતઆલા અન્હાના હુજરામાં આવેલી પોતાની કબરમાં જીવતા છે. ત્યાં કોઇ દરૂદ અને સલામ પઢે છે તો આપ તે સાંભળે છે અને તેનો જવાબ આપે છે અને ફરિશ્તા દરૂદ અને સલામ લઇ જઇને આપની જનાબમાં રજુ કરે છે. આ વિષયમાં દેવબંદી અને બરેલ્વી આલિમો ઉપરાંત અહલે હદીસ આલિમો પણ એકમત છે. જ્યારે કેટલાકનો અકીદો એવો પણ છે આપ (સલ.) અઝવાજે મુત્તહહેરાત (પુનિત પત્નીઓ) સાથે રાત પણ ગુજારે છે. (અહમદ રઝાખાન સાહેબ) આ અકીદો વધુ વિકાસ પામીને એ તબક્કે પહોંચ્યો છે કે દરેક ઇન્સાન મરણ પામ્યા પછી પોતાની દુન્યવી કબરમાં ફરીથી જીવતો થઇ જાય છે (અહલે હદીસ અને હમ્બલી આલિમો.) પોતાની ઝિયારત માટે આવનારાઓને તે જુએ અને ઓળખે છે. તેમના તરફથી કરવામાં આવતી સલામ સાંભળે છે અને તેનો જવાબ આપે છે. તેના માટે દુઆ કરે છે. પાછળ રહી ગયેલા પોતાના સં[illegible]ીઓ તથા સંબંધીઓના આ'માલ (કરણી)થી તેને જાણકાર રાખવામાં આવે છે. તેમનાં સારાં કામોથી એ રાજી થાય છે અને તેમનાં ખરાબ કામો માટે તે અલ્લાહ [illegible]આલા કને તેમના વતી માફી માગે છે (ઇમામ ઇબ્ને તૈમિય્યા અને ઇમામ ઇ… [illegible])

આ બધા અકીદાઓ દરેક ફિરકાની જે સત્તાવાર કિતાબોમાં અપાએલા છે હેતુમાં એ કિતાબોનાં સંબંધિત પાનાંની ફોટો સ્ટેટ સ્વરૂપે આપવામાં આવ્યા છે.

આ એક અત્યંત ગંભીર વાત છે. કબ્રપરસ્તીનો પાયો તેના ઉપર જ

મંડાયેલો છે. નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેની હમેશા મનાઇ ફરમાવી છે અને મરણ પથારીએથી પણ તેની ભયાનકતાથી ડરાવ્યા છે.

એટલે સચ્ચાઇના સમર્થકો (અહેલે હકક)ની એ જવાબદારી છે કે આ મસઅલાને દુનિયાવાળા [illegible]ર સંપુર્ણપણે સ્પષ્ટ કરી દે. જેથી જે કોઇ જીવે તે હકીકતને જાણીને જીવે અને જે કોઇ મરે તો અજાણ રહીને ન મરે.

અલ્લાહની કિતાબ અને રસુલ (સલ.)ની સુન્નત જ એ કસોટી છે જે સાચા અને ખોટાને છાંટીને અલગ કરી શકે છે એટલે અહીં સૌથી પહેલાં કુર્આનની વાત રજુ કરવામાં આવે છે.

## કુર્આન

إِنَّكَ مَيِّتٌ وَإِنَّهُمْ مَيِّتُونَ ۔ (الزمر ۳۰)

ભાવાર્થ : આપને પણ મૃત્યુ આવશે અને આ બધા પણ મરવાના છે.

(અઝ-ઝમુર : આ : ૩૦)

وَمَا جَعَلْنَا لِبَشَرٍ مِنْ قَبْلِكَ الْخُلْدَ ؕ أَفَإِنْ مِتَّ فَهُمُ الْخَالِدُونَ ۝ كُلُّ نَفْسٍ ذَائِقَةُ الْمَوْتِ

(અલ-અંબિયા : આ : ૩૪-૩૫)

ભાવાર્થ : કાયમી જીવન તો અમે તમારાથી પહેલાં પણ કોઇ ઇન્સાન માટે નથી રાખ્યું. જો તમે મરી જશો તો શું આ લોકો કાયમ જીવતા રહી જશે ? દરેક જીવધારીએ મૃત્યુનો સ્વાદ ચાખવાનો જ છે. (અલ-અંબિયાઃ ૩૪-૩૫)

અને

كُلُّ شَيْءٍ هَالِكٌ إِلَّا وَجْهَهُ ۔ (القصص)

ભાવાર્થ : અલ્લાહની ઝાત સિવાયની દરેક વસ્તુ ફના થવાની છે.

(અલ-કસસ)

وَالَّذِينَ يَدْعُونَ مِنْ دُونِ اللَّهِ لَا يَخْلُقُونَ شَيْئًا وَهُمْ يُخْلَقُونَ أَمْوَاتٌ غَيْرُ أَحْيَاءٍ وَمَا يَشْعُرُونَ أَيَّانَ يُبْعَثُونَ

ભાવાર્થ : અને અલ્લાહ સિવાય બીજી જે હસ્તીઓને (હાજતરવાઇ માટે) પોકારે છે તેઓ કોઇ પણ ચીજની સર્જક નથી બલ્કે ખુદ સર્જન (મખલુક) છે. મૃત્યુ પામી તેઓ સાવ મરેલા છે. તેમનામાં જીવનો અંશ સુધ્ધાં નથી. તેમને ખુદ પોતાના માટે પણ એ ખબર નથી કે તેમને (ફરીથી જીવતા કરીને) ક્યારે ઊભા કરવામાં આવશે.

(અન-નહલ આઃ ૨૦-૨૧)

અલ્લાહતઆલાના આ ઇર્શાદમાં કોઇ અપવાદ નથી. ન અંબિયા (નબીઓ તથા રસુલો) કે ન ઓલીઆ (વલીઓ) અને જ્યારે મૃત્યુ પછી કોઇમાં જીવનો એક અંશ પણ બાકી નથી રહેતો તો પછી જીવન, સાંભળવું અને આ'માલ તેમની સામે રજુ કરવામાં આવે એ બધી વાતોનું વજુદ ક્યાં રહે છે? કેટલા અંબિયા એવા છે જેમને હાજતરવાઇ (કામ બનાવવા) અને મુશ્કિલકુશાઇ (મુશ્કેલીને આસાન કરવા) માટે પોકારવામાં આવ્યા છે? જો અંબિયામાં આવી કશી વિશિષ્ટતા હોત તો અલ્લાહ તઆલાએ તેનું વર્ણન જરૂર કર્યું હોત. આમ સૌને લાગુ પડે એવી સર્વસામાન્ય જાહેરાત કરવામાં ન આવી હોત કે કોઇ પણ મરનારમાં જીવનો કોઇ અંશ સુધ્ધાં બાકી નથી રહેતો.

ثُمَّ إِنَّكُم بَعْدَ ذَٰلِكَ لَمَيِّتُونَ ۝ ثُمَّ إِنَّكُمْ يَوْمَ الْقِيَامَةِ تُبْعَثُونَ ۔ سورة المومنون آيات ١٥-١٦

(અલ મુઅમેનુન : આ: ૧૫-૧૬)

ભાવાર્થ : આ જીવન પછી તમને મૃત્યુ આવીને રહેશે અને તેના પછી કયામતના દિવસે તમને પાછા ઊભા કરવામાં આવશે.

(અલ-મુઅમેનુન : આ ૧૫-૧૬)

આથી જાણવા મળ્યું કે મરનારને કયામતના દિવસે ઊભો કરવામાં આવશે. પછી મરનાર કયામત પહેલાં પોતાની કબરમાં કેવી રીતે જીવતો થઇ શકે છે?

وَمِن وَرَائِهِم بَرْزَخٌ إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ (المومنون آية ١٠٠)

ભાવાર્થ : મરનારા પાછળ એક બરઝખ (આડ)નો અંવરોધ છે. બીજા જીવનના દિવસ સુધી.

(અલ મુઅમેનુન : આ :૧૦૦)

## બુખારીની હદીસ

કબ્રમાં નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હયાત છે એ માન્યતાને રદિયો આપવા માટે ઇમામ બુખારી નીચેની હદીસ રજુ કરીને સાબિત કરે છે કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાની કબરમાં નહિ બલકે જન્નતના સર્વોચ્ચ સ્થળે જીવંત છે. આ લાંબી હદીસનો છેલ્લો ભાગ નીચે મુજબ છે.

قلتُ : طوفتماني الليلة فاخبراني عما رأيتُ . قالا : نعم . أمّا الذي رأيته يشق شدقه فكذّابٌ يحدّث بالكذبة فتحمل عنه حتى تبلغ الآفاق ، فيصنع به ما رأيت إلى يوم القيامة والذي رأيته يشدخ رأسه فرجلٌ علّمه الله القرآن ، فنام عنه بالليل ولم يعمل فيه بالنهار ، يفعل به إلى يوم القيامة . والذي

رأيته في الثقب فهم الزناة والذي رأيته في النهر آكلو الربا والشيخ في أصل الشجرة إبراهيم عليه السلام.
والصبيان حوله أولاد الناس. والذي يوقد النار مالك خازن النار. والدار الأولى التي دخلت دار عامة المؤمنين.
وأما هذه الدار فدار الشهداء. وأنا جبريل، وهذا ميكائيل. فارفع رأسك. فرفعت رأسي فإذا فوق مثل
السحاب، قالا: ذاك منزلك. قلت: دعاني أدخل منزلي. قالا: إنه بقي لك عمر لم تستكمله، فلو استكملت
أتيت منزلك • نسخ الساري شرح البخاري صد ۲۵۱ وصد ۲۵۲ المجلد ۳ مطبوعه مصر السلفيه

તરજુમો...(નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે) મેં કહ્યુ. તમે બંને મને આખી રાત ફેરવતા રહ્યા હવે એ બતાવો કે મેં જે કાંઇ જોયું એ બધું છે શું? બન્નેએ કહ્યું. બહુ સારૂં. જે માણસના ગાલ ફાડવામાં આવતા હતા એ જે તમે જોયું એ ખોટાબોલો હતો. ખોટી વાત કહેતો હતો અને તેની વાતને લોકો હાથોહાથ ઉપાડી લેતા હતા. એટલે સુધી કે ચોમેર એ વાત વિશે ચર્ચા થવા લાગતી હતી. તેની સાથે જે કાંઇ થતું આપે જોયું છે એ કયામત સુધી થતું રહેશે. અને જેનું માથું કચરવામાં આવતું હતું એ આપે જોયું તે એ માણસ હતો જેને અલ્લાહતઆલાએ કુર્આનનું ઇલ્મ આપ્યું હતું. પરંતુ, રાત્રે તે કુર્આનથી ગાફેલ થઇને સુઇ જતો હતો અને દિવસે તેના મુજબ અમલ કરતો ન હતો. આવતી કાલે કયામત સુધી તેની સાથે આમ થતું રહેશે અને જેમને આપે દરોમાં જોયા હતા તેઓ વ્યભિચારી હતા અને જેમને આપે દરિયામાં જોયા તેઓ વ્યાજખોર હતા અને ઝાડના મુળ પાસે બેઠેલા વૃધ્ધ ઇબ્રાહીમ (અ.સ.) હતા અને તેમની આસપાસ જે બાળકો હતાં તે ઇન્સાનોની ઓલાદ હતાં અને જેઓ અગ્નિને તેજ કરી રહયા હતા તેઓ દોઝખના દારોગા માલિક હતા અને જે પ્રથમ ઘરમાં આપ દાખલ થયા તે આમ મોમેનીનનું ઘર હતું અને આ શહીદોનાં ઘરો છે અને હું જિબ્રાઇલ છું. અને આ મારા સાથી મિકાઇલ છે. પોતાનું માથું ઉંચું કરો તો! મેં મારૂં માથું ઉંચું કર્યું તો મારા માથા ઉપર મેં એક વાદળા જેવું જોયું. તેમણે બંનેએ કહયું. આ આપનું રહેઠાણ છે. મેં (નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) કહ્યું. 'મને છોડી દો, જેથી હું મારા ઘરમાં દાખલ થઇ જાઉં.' તેમણે બંનેએ કહ્યું કે હજુ આપની ઉંમરનો કેટલોક ભાગ બાકી છે જે આપે પુરો નથી કર્યો. જો આપ તે ભાગ પુરો કરી લેશો તો આ ઘરમાં આવી જશો.

(મુળનો તરજુમો પા: ૧૮૫, સહીહ બુખારી, દિલ્હીમાં છપાયેલી)

આ રીતે ઇમામ બુખારીએ સાબિત કરી દેખાડયું કે વફાત પછી નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આયેશા (રદિયલ્લાહો તઆલા અન્હા)ના હુજરાવાળી કબરમાં નહિ બલકે જન્નતના સૌથી સારા ઘરમાં જીવંત છે.

# સહાબાની સર્વ સહમતિ

કુર્આન અને હદીસની આ દલીલો અંગે સહાબા રિદવાનુલ્લાહે તઆલા અલયહીમ અજમઈનની વફાતે નબવી (સલ.) ઉપર સર્વસહમતિ છે. કહેવામાં આવે છે કે હયાત અને સાંભળવા અંગે સહાબાએ કિરામ (રદિ.) વચ્ચે પણ મતભેદ હતો. અને ઇબ્ને ઉમર (રદિ.) હઝરત આયેશા રદિયલ્લાહો તઆલા અન્હાથી મતભેદ ધરાવતા હતા. પરંતુ, ઇબ્ને ઉમર (રદિ.)ને મરનારાઓના જીવંત હોવા અને જીવતાઓની વાતો સાંભળવાની બાબતમાં હ. આયેશા રદિયલ્લાહો તઆલા અન્હાથી મતભેદ કેવી રીતે હોય શકે? ખુદ તેમની હાજરીમાં નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાતના પ્રસંગે તેમના પિતા ઉમર બિન ખત્તાબ (રદિ.) અને આયેશા (રદિ.)ના વાલિદ અબુબક્ર (રદિયલ્લાહો તઆલા અન્હો) વચ્ચે હયાતે નબવી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત અંગેના મતભેદ પછી બધા સહાબા એ વાત અંગે સહમત થઇ ગયા હતા અને તેમણે સર્વાનુમતે સ્વીકારી લીધું હતું કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત થઇ ગઇ છે. હવે તેઓ આ દુનિયામાં જીવતા નહિં થાય.

حدثنا إسماعيلُ بن عبد الله حدثنا سليمانُ بن بلالٍ عن هشام بن عُروةَ قال أخبرني عُروةُ بن الزُّبير عن عائشةَ رضيَ اللهُ عنها زوجِ النبيِّ ﷺ «أنَّ رسولَ اللهِ ﷺ ماتَ وأبو بكرٍ بالسُّنح - قال إسماعيلُ: يعني بالعالية - فقام عمرُ يقول: والله ما ماتَ رسولُ الله ﷺ. قالت: وقال عمرُ: والله ما كان يقعُ في نفسي إلا ذاك، وليَبعثنَّهُ اللهُ فليَقطعنَّ أيديَ رجالٍ وأرجُلَهم. فجاء أبو بكرٍ فكشفَ عن رسولِ الله ﷺ فقبَّلهُ، قال: بأبي أنتَ وأمي، طِبتَ حيًّا وميتًا، والذي نفسي بيده لا يُذيقُكَ اللهُ الموتتَين أبدًا. ثمَّ خرجَ فقال: أيُّها الحالفُ، على رِسْلِك. فلما تكلَّمَ أبو بكرٍ جلسَ عمرُ»

قال الزُّهريُّ وحدَّثني أبو سلمةَ عن عبد الله بن عباسٍ «أن أبا بكرٍ خرج وعمرُ يُكلِّم الناسَ، فقال: اجلسْ يا عمر، فأبى عمرُ أن يجلسَ، فأقبلَ الناسُ إليه وتركوا عمرَ. فقال أبو بكر: أما بعدُ من كان منكم يعبدُ محمداً ﷺ فإنَّ محمداً قد مات، ومَن كان منكم يعبدُ اللهَ فإنَّ اللهَ حيٌّ لا يموت، قال اللهُ (وما محمدٌ إلا رسولٌ قد خلَتْ من قبلِهِ الرسُلُ - إلى قوله - الشاكرين) [آل عمران ١٤٤]. وقال: والله لكأنَّ الناسَ لم يعلموا أن الله أنزلَ هذه الآيةَ حتى تلاها أبو بكرٍ فتلقَّاها منه الناسُ كلهم، فما أسمعُ بشراً من الناس إلا يتلوها. فأخبرَني سعيد بن المسيَّب أن عمرَ قال: والله ما هو إلا أن سمعتُ أبا بكرٍ تلاها فعَقِرتُ حتى ما تُقِلُّني رِجلايَ، وحتى أهويتُ إلى الأرض حين سمعتُهُ تلاها، علمتُ أن النبي ﷺ قد مات»

(فتح الباری شرح البخاری المجلد ٨ صـ ١٤٥ و المجلد ٧ صـ ١٩)

ભાવાર્થ : હિશ્શામ કહે છે કે ઉર્વાહ બિન અઝ-ઝુબેરે મને કહ્યું અને તેમણે એ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં પત્ની હતાં એ આયેશા (રદિયલ્લાહોતઆલા અન્હા) પાસેથી સાંભળ્યું કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત એ સમયે થઇ જ્યારે અબુબક્ર (રદિ.) સન્હ નામના સ્થળે હતા. (ઇસ્માઇલ રાવી કહે છે કે એટલે આલિયામાં)

એ સમયે ઉમર (રદિ.) ઊભા થયા અને કહેવા લાગ્યા કે ખુદાની કસમ ! નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વફાત નથી થઇ. આયેશા રદિયલ્લાહો તઆલા અન્હા કહે છે. ઉમરે (રદિ.) કહ્યું. ખુદાની કસમ ! મારા મગજમાં એ જ વાત આવી. ઉમરે (રદિ.) એમ પણ કહયું. કે અલ્લાહ તઆલા આપને જરૂર ફરીથી જીવતા કરશે અને આપ તે મુનાફિકોના હાથ પગ જરૂર કાપશે જેઓ આપની વફાત અંગે ખુશીઓ મનાવી રહયા છે. પછી અબુબક્ર (રદિ.) આવ્યા. તેમણે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ચહેરા પરથી ચાદર હટાવી અને આપના ચહેરાને બોસો આપ્યો અને કહ્યું. મારાં માબાપ આપના ઉપર કુરબાન, જીવન અને મત્યુ બંનેમાં આપ પવિત્ર રહયા. તે ઝાતના સોગંદ ! જેના હાથમાં મારો જીવ છે, અલ્લાહ આપને બે મૃત્યુનો સ્વાદ નહિં ચખાવે. પછી આપ બહાર નીકળી ગયા અને ઉમર (રદિ.) ને સંબોધીને કહ્યું. 'ઓ કસમો ખાનાર ! આટલી ઉગ્રતા ન દેખાડ.' જ્યારે અબુબક્ર (રદિ.) લોકો સાથે વાતો કરવા લાગ્યા ઉમર (રદિ.) બેસી ગયા.

અઝ-ઝહરી કહે છે કે અબુ સલ્માએ મને જણાવ્યું કે અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)એ કહ્યું કે અબુબક્ર (રદિ.) જ્યારે બહાર નીકળ્યા અને ઉમર (રદિ.) લોકો સાથે વાત કરી રહયા હતા તો તેમણે કહયું. ઉમર ! બેસી જાવ !' પરંતુ. ઉમર (રદિ.) બેઠા નહિ. પરંતુ. લોકો એ હવે અબુબક્ર (રદિ.) તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને ઉમર (રદિ.) તરફથી ધ્યાન હટાવી લીધું. અલ્લાહની હમ્દ અને સના પછી અબુબક્રે (રદિ.) કહયું. 'સાંભળી લો ! તમારામાંથી જે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બંદગી કરતો હતો તે જાણી લે કે મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વફાત પામ્યા છે અને જે અલ્લાહની બંદગી કરનાર હતો તે જાણી લે કે અલ્લાહ તઆલા જીવંત છે અને તેને ક્યારેય મોત નહિં આવે. પછી તેમણે કહ્યું. અલ્લાહતઆલાનો ઇર્શાદ છે કે :

وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ اَفَاِنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ

عَلٰى اَعْقَابِكُمْ ؕ وَمَنْ يَّنْقَلِبْ عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَسَيَجْزِى

اللّٰهُ الشّٰكِرِيْنَ (آلِ عمران ۱۴۴ آية)

ભાવાર્થ : મુહમ્મદ (સલ) એ સિવાય કાંઇ નથી કે એક રસુલ છે. તેમનાથી પહેલા ઘણા બધા રસુલો આવી ચુકયા છે. તો શું તેઓ મરી જાય અથવા તેમને શહીદ કરી નાખવામાં આવે તો તમે પાછા પગે ફરી જશો? અને જે પાછલા પગે ફરી જશે તે અલ્લાહતઆલાને કશું નુકસાન પહોંચાડી શકશે નહિ. અલ્લાહતઆલા પોતાના શુક્રગુઝાર બંદાઓને બદલો આપીને રહેશે.

અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.) કહે છે કે એવું લાગતું હતું જાણે લોકો આ આયત વિશે જાણતા જ ન હતા કે અલ્લાહતઆલા તેને પહેલાં નાઝિલ કરી ચુકયો છે. જયારે અબુબક્રે (રદિ.) તેની તિલાવત કરી ત્યારે લોકોએ તેમના પાસેથી એ સાંભળીને શીખી ત્યાર પછી જેણે પણ આ આયત સાંભળી તે એની તિલાવત કરવા લાગ્યો. અઝ-ઝહરી કહે છે કે સઇદ બિન મુસય્યબે મને જણાવ્યું કે ઉમરે (રદિ.) કહ્યું કે જ્યારે અબુબક્રને મેં આ આયતની તિલાવત કરતા સાંભળ્યા તો હું ગોઠણભેર પડી ગયો. અને એવો નિશ્ચેત થઇ ગયો કે મારા પગ મારો ભાર ઝીલી શકયા નહિ. એટલે સુધી કે હું જમીન તરફ ઝુકી પડયો. કારણ કે હવે મને ખાતરી થઇ ગઇ હતી કે અલ્લાહના નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ વફાત પામ્યા છે.

(મુળનો તરજુમો : પા. ૫૧૭ જિલ્દ-૧ અને

પા. ૬૪૦. જિલ્દ-૨ બુખારી. દિલ્હીમાં છપાયેલી)

બુખારીની આ હદીસ ઉપર વિચાર કરો અને જુઓ કે તેનાથી કેટલી વાતોના ખુલાસા મળી ગયા. અબુબક્ર (રદિ.)નું એમ કહેવું કે આપના માટે જે મૃત્યુ નિશ્ચિત હતું તે આવી ચુક્યું અને હવે આપ ફરીથી મૃત્યુનો સ્વાદ નહિ ચાખો એટલે કે એવું નહિં બને કે આપને દફન કર્યા પછી આપ ફરીથી કબ્રમાં જીવતા થાવ અને કયામતના દિવસે ફરી એક વાર મોત આવે. એમ નહિં બને.

બીજી વાત એ કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ આ દુનિયામાં ફરીથી જીવતા થશે એ વાતને પણ સંપુર્ણપણે રદિયો મળી ગયો. નહિંતર અબુબક્ર (રદિ.) માટે એમ કહેવું શું મુશ્કેલ હતું કે ઉમર! શા માટે આ રીતે અને આટલા બધા બેચેન અને બેકરાર થાવ છો? જરા વારની તો વાત છે. થોડાક કલાક પછી કબ્રમાં દફન થતાં જ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ફરીથી જીવતા થઇ જશે. અને ઉમર (રદિ.) પણ નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વફાત અંગે ખાતરી થઇ જવા પછી આ રીતે નિશ્ચેત થઇને ઢળી પડયા નહોત.

અબુબક્ર (રદિ.)ના આ સંબોધન પછી બધા સહાબાએ આ વાતનો સ્વીકાર કરી લીધો અને સહાબા રિદવાનુલ્લાહે તઆલા અલયહિમ અજમઇન વચ્ચે એક મામલા અંગે એવો સર્વાનુમતે ફેંસલો થયો કે ઇતિહાસ આવા કોઇ બીજા ફેંસલા વિશે કશી માહિતી નથી આપતો. એટલે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વફાત અંગેનો મસઅલો. અને આ ફેંસલો એવા સમયે થયો હતો જયારે હજુ આપનો પવિત્ર દેહ દફનાવવામાં પણ નહોતો આવ્યો. માલિક પણ એ જ ચાહતો હતો કે આ પ્રશ્ન સર્વસંમતિથી ઉકેલાઇ જાય. એટલે પહેલાં તો તેણે ઉમર (રદિ.)ને અત્યંત ઉગ્ર અજમાયશમાં નાખી દીધા અને ત્યાર પછી આ મામલાનો અબુબક્ર (રદિ.)ના મુખેથી એવો ઉકેલ કરાવ્યો કે આ મામલામાં પછી કોઇને કશું કહેવાપણું ન રહે. કયામત સુધી માટે એ વાત નિશ્ચિત કરી દેવામાં આવી કે એક વખત માણસ મરી ગયો એટલે તેનું આ દુનિયામાં જીવી ઊઠવું અશકય છે. આ એટલા માટે જરૂરી હતું કે ઝુલ્મેઅઝીમ (શિર્ક)નો પાયો જ આ પ્રકારની વાતો ઉપર મંડાયેલો રહયો છે કે મરનાર મર્યો નથી. એક અથવા બીજા સ્વરૂપે એ જીવતો છે.

લોકો ! અલ્લાહ તઆલાનું ફરમાન. નબીનો ઇર્શાદ અને સહાબાએ કિરામનો સર્વાનુમતે થયેલો ફેંસલો તમારી સામે મોજુદ છે અને તોય તમે કહો છો કે ના. નબી (સલ.) પોતાની કબ્રમાં જીવતા છે. ના. બલ્કે તેઓ દુનિયામાં પણ આવતા જતા રહે છે. અફસોસ કે અલ્લાહતઆલાની સાથે તમે બીજા 'હય્ય" (સદા જીવંત) કોતરી કાઢયા. તેમની વાત ન માની સહાબાએ કિરામ રિદવાનુલ્લાહે તઆલા અલયહિમ અજમઇન તો નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉપર પોતાનો જીવ કુરબાન કરી દેવા તત્પર રહેતા હતા. જો તેમને વિશ્વાસ હોત કે તેમના નબી અજર-અમર છે તો તેમણે કયારેય આપના ખલીફા (ઉત્તરાધીકારી)ની પસંદગી કરી નહોત. તેમને કયારેય દફન કર્યા ન હોત. તેમને કબરમાં ઉતાર્યા ન હોત. પછી ન તો 'ઇજતેહાદ'ની કશી જરૂર પડત કે ન 'રિજાલ' વિશે કશાં સંશોધનો કરવાં પડયાં હોત. "ઇજતેહાદ' એટલે મુસ્લિમ સમાજ સામે ઉપસ્થિત થયેલા કોઇ પ્રશ્નનો ઉકેલ કુર્આન અને હદીસમાં ન હોય તો એવા જ કોઇ બીજા પ્રશ્ન અંગે કુર્આન તથા હદીસે આપેલા ફેંસલાની રોશનીમાં કશો નિર્ણય લેવો 'રિજાલ' તે ઇલ્મને કહે છે જેમાં હદીસની ચકાસણી કરવા માટે એ હદીસના રિવાયતો કરનારા (રાવીઓ) વિશે માહિતી આપવામાં આવેલી હોય છે. ન તો તેમણે હદીસો અંગે સંશોધન કરવા માટે જહેમત ઉઠાવવી પડી હોત. જયારે પણ કોઇ ચીજની જરૂર પડી હોત ત્યારે કબ્ર પાસે જઇને પુછી લીધું હોત. અબુબક્ર (રદિ.) ઇસ્લામત્યાગના ઊઠેલા ફિત્ના અંગે ત્યાંથી દોરવણી મેળવી લેત. ઉમર (રદિ.) દુકાળ ટાણે. ઉસ્માન (રદિ.) તેમની વિરૂધ્ધ ઊઠેલા ફિત્ના ટાણે અને આયેશા (રદિ.) તથા અલી (રદિ.) જંગે જમલ અને જંગે સિફ્ફીન પ્રસંગે.

હકીકતમાં આ ઝુલ્મ એ રીતે થયો કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની વફાતને એક મુદ્દત વીતી જવા પછી દીનદારીની કળાના નિષ્ણાતોએ પોતાના ધંધાને ચમકાવવા અને વિકસાવવા માટે હિંદુઓની જેમ દેવી દેવતાઓની એક ફોજ તૈયાર કરી લીધી અને તેમની આસપાસ મહાન દેવતાઇ વાતો (દેવમાળા)ના તાણા-વાણા વણી લીધા. પછી ઇસ્લામી કાશી અને મથુરા અસ્તિત્વમાં આવી ગયાં અને મુસલમાન ગણેશો તથા મુરલીધરો જન્મ્યા. ઊભા પથ્થરો (મુર્તિઓ)ના સ્થાને આડા પથ્થરોએ કબરો સ્વરૂપે પોતાનાં સ્થાનક બનાવી લીધાં. 'દર્શન'નું નામ પલટાવીને 'ઝિયારત' રાખી લેવામાં આવ્યું. 'પ્રણામ'ના બદલે 'સલામ' કરવામાં આવવા લાગી. દંડવતના બદલે તાઝીમનો સજ્દો થવા લાગ્યો. મુર્તિઓ તથા વૃક્ષોની આસપાસ ફરવામાં આવતા 'ફેરાઓને' બદલે કબરોની આસપાસ 'તવાફ' થવા લાગ્યો. 'પ્રસાદ' 'તબર્રૂક' બની ગયો. ભજનને કવ્વાલીનું સ્વરૂપ આપી દેવામાં આવ્યું. અને આ રીતે અત્યારનો 'દીન' અસ્તિત્વમાં આવી ગયો. પછી હજારો કેદી બન્યા, લાખોનાં શિયળ લુંટાયાં, અસંખ્ય લાશો પડી, નૌનિહાલોનું લોહી પી પીને આ ધરતી તૃપ્ત થઇ ગઇ પણ આ નવા 'દીન'ની બહારોનું એક ફુલ પણ કરમાયું નહિં.

બહરહાલ આજે કોઇમાં એટલી કુવ્વત નથી કે ઉમ્મતે મુસ્લેમાને આ બુરાઇથી બળપુર્વક રોકી દે. છતાં, ઇલ્મ ધરાવનારાઓની એ જવાબદારી જરૂર છે કે આખી વાતને ઉઘાડી પાડી દે અને કહી દે કે લોકો . અલ્લાહ પર ઇમાન લાવ્યાનો ઇકરાર કર્યા પછી પણ ... એ જ શિર્ક ભરેલ વિચારો કાયમ રાખ્યા જે નુહ (અ.સ.)ની કોમથી લ... સુધીની દરેક મુશરિક પ્રજામાં જોવા મળતા રહયા છે તો પછી તમે પણ તેનાં માઠાં પરિણામોથી બચી શકશો નહિં. એ પ્રજાઓએ પોતાના બુઝુર્ગો તથા અંબિયાને તેમનાં મરણ પછી પણ મરવા ન દીધા અને આજે તમે પણ પોતાના નબી તથા અલ્લાહના બીજા બંદાઓ સાથે વિચિત્ર બહાનાંઓ તથા ખોટી રિવાયતોના આધારે એ જ વર્તાવ કરી રહયા છો.

હકીકતમાં કબ્રની આ ધારી કે માની લીધેલી જિંદગી અને તેની સાથે સંબંધિત અન્ય અકીદાઓએ દુનિયાના ...નને બરબાદ કરી નાખ્યું છે. એ જ શિર્કની અસલ જડ છે. એજ ઝેરી અકીદાના આધારે લોકો કબ્રો પર મુરાકેબા અને ચિલ્લાકશી કરે છે અને સલામ કરીને કબરવાળા પાસેથી જવાબ મળવાની રાહ જુએ છે. કોઇ સાહેબે કબ્ર સાથે હસ્તધુનન કરે છે તો કોઇ તેમની સાથે મળી મળવાનો આગ્રહી દેખાય છે. કેટલાક ઝાલિમોએ તો એટલે સુધી ઘડી કાઢયું કે કબ્ર પાસે બંધ રહીને દીનના બુઝુર્ગો નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પાસેથી તબ્લીગ અને ઇર્શાદના તરીકા શીખી ચુકયા છે. (મઆઝ અલ્લાહ : અલ્લાહની પનાહ).

# ઔલિયાઅલ્લાહના દુશ્મન કોણ છે ?

ઔલિયા અલ્લાહના દુશ્મન તે લોકો નથી જેઓ તેમનું સાચું અનુસરણ કરે છે. તેમનાં પદચિહ્નો પર નજર જમાવીને જેઓ એ જ પગલે ચાલે છે. તેમને તેમનું મુળ સ્થાન આપે છે. બલકે તેમના દુશ્મન એ લોકો છે જેઓ તેમની પાકી કબરો બનાવે છે, તેમના ઉપર કુબ્બા બનાવીને ઉર્સ, મેળા, ભજન અને કવ્વાલીઓ શરૂ કરી દે છે. મુશ્કેલીના સમયે તેમને પોકારે છે અને તેમની નઝર, નિયાઝ કરીને ખુદાઇમાં તેમને ભાગીદાર ઠરાવે છે. પોતાની કિતાબમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટ રીતે અને ખોલી ખોલીને ઔલિયા અલ્લાહના આ દુશ્મનોનો પરિચય આપ્યો છે.

وَمَنْ أَضَلُّ مِمَّنْ يَدْعُوا مِنْ دُونِ اللَّهِ مَنْ لَا يَسْتَجِيبُ لَهُ إِلَىٰ يَوْمِ الْقِيَامَةِ وَهُمْ عَنْ
دُعَائِهِمْ غَافِلُونَ ۝ وَإِذَا حُشِرَ النَّاسُ كَانُوا لَهُمْ أَعْدَاءً وَكَانُوا بِعِبَادَتِهِمْ كَافِرِينَ ۔ الاحقاف آية ٥

ભાવાર્થ : એ શખ્સથી વધુ પંથ ભુલેલા બીજા કોણ હશે કે જે અલ્લાહ સિવાય બીજાઓને પોકારે જો કે તેઓ કયામત સુધી તેમના પોકારનો જવાબ નથી આપી શકતા, તેઓ તો તેમના પોકારથી પણ ગાફેલ છે. હા, કયામતના દિવસે જ્યારે બધા લોકોને એકઠા કરવામાં આવશે ત્યારે ઔલિયા અલ્લાહના આ પુજારીઓની આવી ચેષ્ટાઓથી તેમને જાણકાર કરવામાં આવશે) તો તેઓ (ઔલિયા અલ્લાહ) તેમના (પોતાના એ પુજારીઓના) દુશ્મન બની જશે અને તેમણે જે પુજાપાઠ કર્યાં હશે તેનો તેઓ સખતીથી ઇન્કાર કરી દેશે.

(સુરએ અહકાફ : આ : ૬૫)

આથી જાણવા મળ્યું કે ઔલિયા અલ્લાહના સાચા દુશ્મન હકીકતમાં તે લોકો છે જેઓ તેમને ખુદાઇમાં ભાગીદાર ઠરાવીને તેમનાં ઘરો (કબરો)ને અલ્લાહના ઘર (ખાનએ કાબા)ની જેમ મુકદ્દસ માની લે છે અને એ કબરો સાથે બિલકુલ એવો જ વર્તાવ કરે છે જેવો માત્ર અલ્લાહના ઘર સાથે જ કરવામાં આવવો જોઇએ દર વરસે હજના દિવસની જેમ ઉર્સનો દિવસ નક્કી કરવામાં આવે છે. અહેરામની હાલતની જેમ ઉઘાડા માથે કે ઉઘાડા પગે ચાલવાને અનિવાર્ય ગણવામાં આવે છે. લબ્બયક અલ્લાહુમ્મ લબ્બયક...ના બદલે 'બાહુ, હકક બાહુ, બેશક બાહુ ! ના ના'રા લગાવવામાં આવે છે. કાબાના ગિલાફની જેમ કબર પર ચાદર ચઢાવવાની વ્યવસ્થા કરવામાં આવે છે. હજરે અસ્વદને લેવામાં આવતા બોસાની જગ્યાએ

કબરના શિરાણે કે પાંગતે મુકેલા પથ્થરને ચુમવામાં આવે છે. કાબાના તવાફની જેમ કબરની આસપાસ ફેરા કરવામાં આવે છે. સજદા અને રૂકુઅ થાય છે. દુઆઓ તથા મુનાજાતો કરવામાં આવે છે. મુલ્તઝિમની જેમ દોઢી અને દરવાજાને વળગવામાં આવે છે. બાબાની બેઠકથી તેમની કબર સુધી દોડીને 'સફા' અને 'મર્વહ' વચ્ચેની સઇની નકલ કરવામાં આવે છે. ઝમઝમના પાણીના બદલે કબ્રના ધોવણનું મુબારક પાણી એકઠું કરીને તેનું તબર્રૂક બનાવવામાં આવે છે. 'હુદી' (હજ્જ પ્રસંગે થતી કુરબાનીના જાનવર)ને બદલે 'હઝરત'ની નઝર માટેનો બકરો અથવા ઊંટ સાથે આવે છે. મતલબ કે આજે ચોતરફ અને દરેક જગ્યાએ આ નકલી કાંબાઓની ધુમ મચેલી છે અને ખલ્કતનું હુજુમ તેના પર તુટી પડે છે.

(આ પ્રણાલિકાઓની વિગતો અમારી કિતાબ 'આ કબરો, આ આસ્તાના' અને 'તૌહીદે ખાલિસ'માં જોઇ શકાય છે. આ કિતાબો અન્યત્ર અપાયેલા અમારા સરનામે પત્ર લખીને વિના મુલ્યે મંગાવી શકાય છે.)

અત્યારે હાલત એ છે કે અલ્લાહની કિતાબ, રસુલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સુન્નત અને સહાબાએ કિરામ રિદવાનુલ્લાહેતઆલા અલયહિમ અજમઇનનો ઇજમા (સર્વ સંમતિ) એક તરફ છે અને બીજી તરફ છે ત્રણ મસ્લકો દેવબંદ, બરેલી અને અહલે હદીસ (એટલે કે તેમના સ્થાપકો સય્યદ મુહમ્મદ કાસિમ નાનોતવી સાહેબ, સય્યદ અહમદ રઝાખાન સાહેબ અને સય્યદ મિયાં નઝીર દહેલ્વી સાહેબ)નો એથી વિરૂધ્ધનો આગ્રહ.

આ પ્રશ્નની ગંભીરતાને વ્યક્ત કરવા માટે આટલું પુરતું છે. પરંતુ, પોતાના માલિકથી નિરાશ થવું કુફ્ર છે. એટલે આવો, બધા ભેગા મળીને અલ્લાહ તથા તેના રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વાત દુનિયાને મનાવવા માટે શકય હદના પ્રયાસો આ કામ પાછળ કરી છુટીએ અને આશા રાખીએ કે સ્વાભિમાની અને સર્વસ્વશાળી રબ્બ આ પ્રયાસોને નિષ્ફળ જતા બચાવશે. વસ્સલામ.

## ત્રણેય મસ્લકોના આગેવાન આલિમોના અકીદાઓ અંગેના દસ્તાવેજી પુરાવા

عقیدہ دربارہ حیات نبوی صلی اللہ علیہ وسلم

**દેવબંદ**

سوال۔ کیا فرماتے ہو جناب رسول اللہ صلی اللہ علیہ وسلم کی قبر میں حیات کے متعلق کہ کوئی خاص حیات آپ کو حاصل ہے یا عام مسلمانوں کی طرح برزخی حیات ہے۔

جواب۔ ہمارے نزدیک ہمارے مشائخ کے نزدیک حضرت صلی اللہ علیہ وآلہ وسلم اپنی قبر مبارک میں زندہ ہیں اور آپ کی حیات دنیا کی سی ہے بلا مکلف ہونے کے اور یہ حیات مخصوص ہے آں حضرت صلی اللہ علیہ وسلم اور تمام انبیاء علیہم السلام اور شہداء کے ساتھ یہ حیات برزخی نہیں ہے

દેવબંદના સ્થાપક મુહમ્મદ કાસિમ નાનોતવી સાહેબ, મહેમુદુલ હસન સાહેબ. અશરફઅલી થાનવી સાહેબ.

ફોટો : અલ મુહન્દ : દેવબંદના આલિમોના અકીદા.
સંપાદક મૌલાના ખલીલુર્રહમાન સાહેબ.
પા. ૧૬ કુર્આન મહેલ કરાચી દ્વારા પ્રકાશિત.

## હયાતે નબવી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના અકીદાના વિષયમાં

સવાલ : જનાબે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કબ્રમાં હયાતી વિશે શું ફરમાવો છો ? શું તેઓને કોઇ વિશિષ્ટ જીવન પ્રાપ્ત છે કે પછી સામાન્ય મુસલમાનોની જેમ બરઝખી જીવન છે ?

જવાબ : અમારી નજરે, અમારા બુઝુર્ગોની નજરે હઝરત સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પોતાની કબ્ર મુબારકમાં હયાત છે અને આપનું જીવન દુન્યવી જીવન જેવું છે, કશા કષ્ટ વગરનું અને આ જીવન ખાસ આં હઝરત સલ્લલ્લાહો અલય વ સલ્લમ અને તમામ અંબિયા અલયહિમુસ્સલામ માટે ખાસ છે. આ બરઝખી જીવન નથી.

**બરેલી**

عرض ۔ انبیا علیہم الصلوٰۃ والسلام اور اولیائے کرام کی حیات برزخیہ میں کیا فرق ہے۔
ارشاد ۔ انبیائے کرام علیہم الصلوٰۃ والسلام کی حیات حقیقی حسی دنیاوی ہے
ان پر تصدیق وعدۂ الٰہیہ کے لئے محض ایک آن کو موت طاری ہوتی ہے پھر فوراً
ان کو ویسے ہی حیات عطا فرمادی جاتی ہے اس حیات پر وہی احکام دنیویہ
ہیں ان کا ترکہ نہ بانٹا جائے گا ان کی ازواج کو نکاح حرام نیز ازواج مطہرات
پر عدت نہیں وہ اپنی قبور میں کھاتے پیتے نماز پڑھتے ہیں بلکہ سیدی محمد بن
عبدالباقی زرقانی فرماتے ہیں کہ انبیاء علیہم الصلوٰۃ والسلام کی قبور مطہرہ میں
ازواج مطہرات پیش کی جاتی ہیں وہ ان کے ساتھ شب باشی فرماتے ہیں

મસલકના સ્થાપક અહમદ રઝા ખાન સાહેબ.
ફોટો : મલફુઝાતે આ'લા હઝરત અહમદ રઝાખાન સાહેબ બરેલ્વી.
પા. ૩૩, ભાગ ૩જો મદીના પબ્લીશિંગ કમ્પની કરાચી દ્વારા પ્રકાશિત

અરજ : અંબિયા અલયહિમુસ્સલાતો વસ્સલામ અને ઔલિયાએ કિરામના બરઝખી જીવનમાં શું તફાવત છે?

ઇર્શાદ : અંબિયા અલયહિમુસ્સલાતો વ સ્સલામનું જીવન વાસ્તવિક, જ્ઞાનેન્દ્રિયો સાથેનું. દુન્યવી છે. તેમના ઉપર અલ્લાહના વાયદાને સાચો કરવા અંગે માત્ર એક પળ માટે મૃત્યુ છવાઇ જાય છે, ત્યાર પછી તરત જ તેમને એ જ જીવન પાછું આપી દેવામાં આવે છે. આ જીવનને એ જ દુન્યવી આદેશો લાગુ છે. તેમના મુકેલા વારસા (માલ મિલ્કત)ની વહેંચણી કરવામાં નહિં આવે, તેમની પત્નીઓ માટે પુનર્લગ્ન હરામ, વધુમાં અઝવાજે મુત્તહેરાત માટે ઇદ્દત નથી, તેઓ પોતાની કબરમાં ખાય પીએ છે, નમાઝ પઢે છે બલકે સય્યદી મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝરકાની ફરમાવે છે કે અંબિયા અલયહિમુસ્સલામની પવિત્ર કબરોમાં પુનિત પત્નીઓ રજુ કરવામાં આવે છે અને તેઓ તેમની સાથે રાતવાસો ફરમાવે છે.

## ઇમામ ઇબ્ને તૈમિયા હમ્બલી

(امام ابن تیمیہ حنبلی)

واستفاضت الآثار بمعرفة الميت أهله وبأحوال أهله وأصحابه في الدنيا وان ذلك يعرض عليه وجاءت الآثار بأنه يرى ايضا وبأنه يدرى بما يفعل عنده فيسر بما كان حسنا ويتألم بما كان قبيحا وتجتمع أرواح الموتى فتنزل الأعلى إلى الأدنى لا العكس

فتاوی: ص ۴۴۶-۴۷
الفتاوی الکبری ابن تیمیہ
جلد ۴ مطبوعہ بیروت

ترجمہ: مشہور اور مستفیض احادیث سے ثابت ہے کہ مُردہ اپنے اہل وعیال اور دوستوں کے اعمال کو جانتا ہے جو اُن کو دنیا میں پیش آتے ہیں اور یہ حالات اس پر پیش کئے جاتے ہیں اور احادیث میں یہ بھی آتا ہے کہ وہ دیکھتا بھی ہے اور جو کچھ اُسکے پاس کیا جاتا ہے اُسکو جانتا بھی ہے اگر وہ کارروائی اچھی ہو تو اس سے وہ خوش ہوتا ہے اور اگر وہ بُری ہو تو اسکو اس سے رنج پہنچتا ہے اور مُردوں کی روحیں اجتماعات بھی کرتی ہیں۔ لیکن صرف اعلیٰ روحیں ادنیٰ کی طرف نازل ہوتی ہیں اس کے برعکس نہیں۔ (ترجمہ: مولانا سرفراز خان صفدر صاحب)۔

રેફ : અલ-ફતાવા અલ કુબ્રા : કર્તા ઇબ્ને તૈમિયા.
પા. ૪૪૬-૪૭, જિલ્દ ૪, બયરૂતમાં છપાયેલી

તરજુમો : પ્રખ્યાત અને લાભકારક હદીસોથી સાબિત છે કે મુરદો પોતાનાં ઘરવાળાં અને બાળબચ્ચાં તથા મિત્રોના આ'માલથી જાણકાર હોય છે અને દુનિયામાં જે કાંઇ તેમને પેશ આવે છે એ બનાવો તેની સામે રજુ કરવામાં આવે છે અને હદીસોમાં એમ પણ આવ્યું છે કે તે જુએ પણ છે અને જે કાંઇ તેની પાસે કરવામાં આવે છે તેને જાણે પણ છે. જો એ કાર્યવાહી સારી હોય તો એનાથી રાજી થાય છે અને તે ખરાબ હોય તો તેને રંજ પહોંચે છે અને મુરદાઓની રૂહો મેળાવડા પણ કરે છે. પરંતુ, માત્ર ઉચ્ચ રૂહો નીચલી તરફ નાઝિલ થાય છે. એથી વિરૂધ્ધ (એટલે કે નીચ કક્ષાની રૂહો

ઉપરની તરફ ચઢે એ) બની શકતું નથી.

(ઉર્દૂ તરજુમો મૌલાના સરફરાઝખાન સફદર સાહેબ)

આ અકીદો ઇમામ ઇબ્ને તૈમિય્યા તથા ઇમામ ઇબ્ને કિય્યમ અને ઉમ્મતે મુસ્લેમાની બહુમતિએ એટલા માટે અપનાવ્યો કે ઇમામ અહમદ બિન હમ્બલ આ દુનિયાની કબરમાં મુરદા જીવતા થઇ જાય છે એવી માન્યતા ધરાવતા હતા. આ વાત નીચેના ફોટા પરથી જાણી શકાય છે.

امام اہل سنت حضرت امام احمد بن حنبلؒ (المتوفی ۲۴۱ھ) اپنی کتاب الصلوٰۃ میں تحریر فرماتے ہیں کہ

والایمان بالحوض والشفاعة والایمان بمنکر ونکیر وعذاب القبر والایمان بملک الموت تقبض الارواح ثم تردو فی الاجساد فی القبور فیسألون عن الایمان والتوحید اھ (کتاب الصلوٰۃ ص۴۵ طبع قاھرہ)

حوض کوثر، شفاعت، منکر نکیر، عذاب قبر، ملک الموت کے ارواح کو قبض کرنے پھر ارواح کے قبروں میں جسموں کی طرف لوٹائے جانے پر ایمان لانا ضروری ہے اور اس پر بھی ایمان لانا لازم ہے کہ قبر میں ایمان و توحید کے بارے میں سوال ہوتا ہے

(فوٹو ص۶۵ تسکین الصدور، مصنفہ ابو الزاہد سرفراز خان صفدر)

ફોટો : તસ્કીનુસ્સુદુર અબુ ઝાહિદ સરફરાઝખાન સફદર પા : ૬૫

ઇમામે અહલે સુન્નત હઝરત ઇમામ અહમદ બિન હમ્બલ (રહ.) (વફાત ૨૪૧ હિજરી) પોતાની કિતાબ અસ્સલાતમાં લખે છે :-

હોજે કવસર, શફાઅત, મુન્કર અને નકીર, અઝાબે કબ્ર, મલેકુલ મૌતનું રૂહોને કબ્ઝ કરવું, પછી રૂહો કબ્રોમાં શરીરોમાં પાછી ફેરવવી એ વાતો પર ઇમાન લાવવું જરૂરી છે અને એના પર ઇમાન લાવવું પણ જરૂરી છે કે કબ્રમાં ઇમાન અને તોહીદ વિશે સવાલ થાય છે.

## અહલે હદીસ મસ્લકના સ્થાપક મિયાં નઝીર દહેલ્વી સાહેબનુ મંતવ્ય

بانی مسلکِ اہلحدیث میاں نذیر دہلوی صاحب

اور یہ قول بھی بالکل غلط ہے، کہ روح مبارک رسول اللہ صلی اللہ علیہ وسلم کی سب گھروں میں اور مقاموں میں گشت اور دورہ کرتی ہے، اس لئے کہ مشکوۃ باب الصلوۃ علی النبی صلی اللہ علیہ وسلم میں حضرت ابن مسعود رضی سے مرفوعاً روایت ہے، ان للہ ملائکۃ سیاحین فی الارض یبلغونی من امتی السلام رواہ النسائی والدارمی یعنی نبی صلی اللہ علیہ وسلم نے فرمایا ہے، کہ کچھ فرشتوں کو اللہ تعالیٰ نے اس کام پر تعینات کر دیا ہے، کہ وہ دنیا میں پھرتے رہتے ہیں، جو کوئی شخص میری امت سے میرے اوپر درود وسلام پڑھتا ہے، وہ فرشتے اس درود وسلام کو میرے پاس پہنچا دیتے ہیں اور حضرت ابوہریرہ رضی سے مرفوعاً یہ لفظ آئے ہیں، من صلی علی عند قبری سمعتہ ومن صلی علی نائیا ابلغتہ رواہ البیہقی فی شعب الایمان یعنی فرمایا نبی صلی اللہ علیہ وسلم نے جو کوئی شخص میری قبر کے پاس مجھ پر درود وسلام پڑھتا ہے، اس کو میں خود سن لیتا ہوں، اور جو کوئی شخص دور کا رہنے والا میرے اوپر درود وسلام پڑھتا ہے، وہ میرے پاس پہنچایا جاتا ہے یعنی فرشتے لاتے ہیں، پس اگر روح مبارک رسول اللہ صلی اللہ علیہ وسلم کی سب گھروں اور سب مقاموں میں گشت کرتی ہوتی، تو حدیثوں میں یوں بیان آتا کہ جہاں کہیں میرا ذکر ہوتا ہے، یا درود وسلام پڑھا جاتا ہے میں سن لیتا ہوں یا موجود ہو جاتا ہوں، اور فرشتوں کے پہنچانے کی حاجت نہ ہوتی.

نوٹو: فتاوی نذیریہ صفحہ ۶ جلد اول مطبوعہ اہلحدیث اکاڈمی لاہور

ફોટો : ફતાવા નઝીરિયા પા. ૬–૭ ભાગ પહેલો. અહલે હદીસ એકેડમી લાહોર દ્વારા પ્રકાશિત

તરજુમો : અને એ કથન પણ સાવ ખોટું છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રૂહ મુબારક બધાં ઘરો અને સ્થળોએ ફરતી રહે છે. કારણ કે 'મિશ્કાત'ના અસ્સલાતો અલન્નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમના પ્રકરણમાં હઝરત ઇબ્ને મસઉદ (રદિ.)થી 'મરફુઅન' રિવાયત છે કે :

> 'ઇન્નલ્લાહા મલાયેકતે સય્યાહીના ફિલ અર્દે યબ્લગુની મિન ઉમ્મતી અસ્સલામો. (રિવાહ અન્નિસાઇ વદારમી.)

એટલે કે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે કે અલ્લાહ તઆલાએ કેટલાક ફરિશ્તાઓને એ કામ માટે નિયુક્ત કર્યાં છે કે તેઓ દુનિયામાં

ફરતા રહે છે અને મારી ઉમ્મતમાંથી જે કોઇ માણસ મારા ઉપર સલામ મોકલે છે તો આ ફરિશ્તા તે દરૂદ અને સલામ મારી પાસે પહોંચાડી દે છે.

અને હઝરત અબુ હુરયરા (રદિ.)થી 'મરફુઅન' આ શબ્દો રિવાયત કરવામાં આવ્યા છે.

> 'મન સલ્લા અલા ઇન્દા કબ્રી સમઅતા વમન સલ્લા અલા
> નાએયા અબ્લગતો. (રિવાહ અલબયહકી ફી શુઅબુલ ઇમાન)

એટલે કે ફરમાવ્યું નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ કે જે કોઇ શખ્સ મારી કબ્ર પાસે મારા ઉપર દરૂદ પઢે છે તેને હું ખુદ સાંભળી લઉં છું અને જે કોઇ શખ્સ દુરનો રહેવાસી છે અને મારા ઉપર દરૂદ અને સલામ પઢે છે તે મારા પાસે પહોંચાડવામાં આવે છે. એટલે કે ફરિશ્તા લાવે છે. એટલે જો રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની રૂહ મુબારક બધાં ઘરો અને બધાં સ્થળોએ ફરતી હોત તો હદીસોમાં એ રીતે બયાન આવત કે જ્યાં કયાંય પણ મારો ઉલ્લેખ થાય છે અથવા દરૂદ અને સલામ પઢવામાં આવે છે એ હું સાંભળી લઉં છું અથવા ત્યાં હું મૌજુદ થઇ જાઉં છું. પછી ફરિશ્તાઓને એ દરૂદ પહોંચાડવાની જરૂરત બાકી રહેત નહિં.

આથી સાબિત થાય છે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ દરેક જગ્યાએ તો નહિ પણ મદીનાવાળી કબ્રમાં જરૂર હાજરનાજર છે. ત્યાં પઢવામાં આવતા 'દરૂદ–સલામને પોતે પણ સાંભળે છે અને ઉમ્મત તરફથી પઢવામાં આવતા દરૂદ અને સલામ દુનિયામાં ફરતા રહેતા ફરિશ્તા ત્યાં જ આપને પેશ કરે છે.

## નવાબ સિદ્દીકુલ હસન ખાન સાહેબ

(અહલે હદીસ)

نواب صدیق حسن خان صاحبؒ لکھتے ہیں :-

وجملہ اموات از مومنین وکفار در حصولِ علم و
شعور و ادراک وسماع وعرض اعمال ورد
جواب بر زائر برابر اند تخصیص بہ انبیاء و
صلحا نیست۔
(دلیل الطالب علی ارجح المطالب ص...)

تمام مردے مومن ہوں یا کافر، حصولِ علم و
شعور اور ادراک، سماع، عرضِ اعمال، زیارت
کرنے والے کے سلام کے جواب دینے
میں برابر اور یکساں ہیں۔ ان امور کی تخصیص
محض حضرات انبیاء کرام علیہم الصلوٰۃ والسلام
اور صلحاء کے ساتھ ہی نہیں ہے۔

نواب صدیق الحسن خان صاحب
(اہلحدیث)

فوٹو: ص ۲۲۱ سماع الموتیٰ
مولفہ سرفراز خان صفدر صاحب

ફોટો : સિમાઉલ મૌત. પા; ૨૨૧
સંપાદક : સરફરાઝખાન સફદર સાહેબ

તરજુમો : બધા મુરદા પછી તે મોમિન હોય કે કાફિર, જ્ઞાનની પ્રાપ્તિ, સમજબુઝ, જાણકારી, સાંભળવું, આમાલનું તેમની સામે રજુ થવું અને ઝિયારત કરવા આવનારાઓની સલામનો જવાબ આપવો એ બાબતોમાં સમાન અને સરખા છે. આ વિશિષ્ટતા માત્ર હઝરાતે અંબિયા અલયહિમુસ્સલાતો વસ્સલામ અને નેક માણસો પુરતી નથી.

## વહીદુઝઝમાન સાહેબ
(અહલે હદીસ)

وحید الزمان صاحب
(اہلحدیث)

فوٹو: لغات الحدیث' جلد ۳ صـ ۱۶۶ (سم)

اہل حدیث کے پیشوا حافظ ابن قیم نے صراحتاً سماعِ موتیٰ کو ثابت کیا ہے اور بے شمار حدیثوں سے جن کو امام سیوطی نے شرح الصدور میں ذکر کیا ہے مُردوں کا سماع ثابت ہوتا ہے اور سلف کا اُس پر اجماع ہے صرف حضرت عائشہ سے اُس کا انکار منقول ہے اور اُن کا قول شاذ ہے جیسے معاویہ کا قول کہ معراج ایک خواب تھا۔

ફોટો : લુગાતુલ હદીસ જિલ્દ : ૩ : પા : ૧૬૬

તરજુમો : ક્યિમે મુરદાઓ સાંભળે છે એ વાત વિગતવાર સાબિત કરી છે અને ઇમામ સિયુતીએ શર્હસ્સુદુરમાં ઉલ્લેખી છે એ સંખ્યાબંધ હદીસોથી મુરદાઓ સાંભળે છે એ વાત સાબિત થાય છે અને 'સલફ' (અગાઉ થઇ ગયેલા આલિમો)નો આ અંગે 'ઇજમાઅ' (સર્વસંમતિ) છે. માત્ર હઝરત આયેશા (રદિ.) એ તેનો ઇન્કાર કર્યો હોવાનું નોંધાયું છે અને તેમનું એ કથન અપવાદ છે જેવું કે મુઆવિયાનું એ કથન કે મેરાજ એક સપનું હતું.

## પીર ઝંડા બદીઉદ્દીન રાશેદી સાહેબ
(અહલે હદીસ)

پیر جھنڈا بدیع الدین راشدی صاحب (اہلحدیث)

پیر جھنڈا صاحب سماع موتیٰ کے قائلین کی دلیلیں رد کرتے ہوئے لکھتے ہیں کہ:
حدیث خفق النعال سے استدلال | اسی طرح خفق النعال والی حدیث سے بھی استدلال کرتے ہیں مگر وہ بھی ان کی دلیل نہیں بنتی کیونکہ یہ حدیث بخاری ص ۱۸۷ ج ۱ میں اس طرح ہے۔

عن انس عن النبی صلی اللہ علیہ وسلم قال العبد اذا وضع فی قبرہ وتولی وذھب اصحابہ حتی انہ یسمع قرع نعالھم اتاہ ملکان فاقعداہ فیقولان لہ ما کنت تقول فی ھذا الرجل، محمد. الحدیث۔

انسؓ سے مروی ہے کہ نبی صلی اللہ علیہ وسلم نے فرمایا بندہ جب قبر میں رکھا جاتا ہے، اور اس کے دوست واپس ہٹتے ہیں حتی کہ وہ ان کے جوتوں کی آوازیں سنتا ہے، تو دو فرشتے آتے ہیں اور اس کو بٹھاتے ہیں، اور کہتے ہیں اس جوان محمد (صلی اللہ علیہ وسلم) کے بارے میں تو کیا کہتا تھا۔

جواب: یہاں ظاہر ہے کہ ہر وقت مراد نہیں بلکہ اس وقت کو دفن کرنے والے لوٹ رہے ہوں، اور فرشتے اس کو اٹھاتے ہیں تو اس وقت زندہ کیا جاتا ہے، سوال کے لئے اور دوسری جگہ پر براء بن عازب کی حدیث میں روح کے لوٹانے کا صریح ذکر ہے۔

ففی حدیث اصحاب السنن وصححه ابو عوانة وغیره وفیه فتعاد روحه فی جسده فیاتیه ملکان فیجلسانه فیقولان له من ربك الحدیث وفیه وان الکافر تعاد فیه روحه فی جسده فیاتیه ملکان فیجلسانه الحدیث۔ کذا فی الفتح ص۲۰۶ ج۱۳، الحلبی بمصر

اصحاب سنن کی حدیث میں جسے ابوعوانہ وغیرہ نے صحیح کہا یوں ہے اس کی روح جسم میں لوٹائی جاتی ہے دو فرشتے اس کے پاس آتے ہیں اسے بٹھاتے ہیں اور اسے کہتے ہیں تیرا رب کون ہے الحدیث (اور اس میں ہے) اور کافر کی روح اس کے جسم میں لوٹائی جاتی ہے اس کے پاس دو فرشتے ہیں آتے ہیں اور اسے بٹھاتے ہیں۔

پس یہ روایت خارج عن محل النزاع ہے، کیونکہ زندہ کے سننے میں اختلاف نہیں بلکہ بحث اس میں ہے کہ مردہ سنتا ہے یا نہیں اس کے ساتھ اس حدیث کا کوئی تعلق نہیں۔

فوٹو: ص۶۱۶ توحید خالص مولفہ بدیع الدین راشدی صاحب

ફોટો : પાના ૬૧૬ તૌહીદ ખાલીસ લેખક : બદીઉદ્દીન રાશેદી સાહેબ.

તરજુમો : પીર ઝંડા સાહેબ મુરદાઓ સાંભળે છે એમ માનનારાઓની દલીલોને રદ કરતાં લખે છે.

એ જ રીતે ખફકુ-આલ (જોડાઓનો અવાજ) વાળી હદીસના આધારે પણ તેઓ દલીલ કરે છે. પરંતુ, તેમની એ દલીલ પણ ટકતી નથી. આ હદીસ બુખારી જિલ્દ ૧ પા. ૧૮૭ પર આ રીતે છે :-

અનસથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે બંદાને જ્યારે કબરમાં રાખવામાં આવે છે અને તેના મિત્રો પાછા હટે છે એટલે સુધી કે તે એમના જોડાના અવાજ સાંભળે છે તો બે ફરિશ્તા આવે છે અને તેને બેસાડે છે અને કહે છે કે તે જવાન મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) વિશે તું શું કહે છે?'

જવાબ : અહીં જાહેર છે કે કાયમીનો સવાલ નથી. બલકે તે સમયની વાત છે જ્યારે દફન કરનારા પાછા ફરી રહયા હોય અને ફરિશ્તા તેને ઉઠાડે છે તો એ સમયે તેને સવાલ પુછવા માટે જીવતો કરવામાં આવે છે. બીજા એક સ્થળે બરાઅ બિન આઝિબની હદીસમાં રૂહને પાછી ફેરવવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

અસ્હાબે સુનનની હદીસ કે જેને અબુ અવાના વગેરેએ સહીહ કહી છે તેમાં એમ છે કે તેની રૂહ શરીરમાં પાછી નાખવામાં આવે છે. બે ફરિશ્તા તેની [illegible] આવે છે. તેને બેસાડે છે અને તેને કહે છે કે તારો રબ્બ કોણ છે? અલ હદીસ (અને તેમાં છે) અને કાફિરની રૂહ તેના [illegible]માં પાછી નાખવામાં આવે છે. તેના પાસે બે ફરિશ્તા આવે છે અને તેને બેસાડે છે.

એટલે [illegible] હદીસ વિવાદાસ્પદ વાતથી અલગ છે કારણ [illegible] જીવતાના

સાંભળવા અંગે મતભેદ નથી વિવાદ એમાં છે કે મુરદો સાંભળે છે કે નહિં તેની સાથે આ હદીસને કશો સરોકાર નથી.

આથી જાણવા મળ્યું કે દરેક મડદું પોતાની દુન્યવી કબરમાં જીવતું થઇ જાય છે અને સાંભળવા લાગે છે રહ્યું અલ્લાહ તઆલાનું એ ફરમાન કે આપ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) કબરવાળાને નથી સંભળાવી શકતા તો કદાચ તેનો અર્થ કોઇ એવાં મડદાં છે જે કોઇ ખાસ કારણસર જીવતાં નથી થઇ શકતાં.

અમે અમારી કિતાબોની ન તો કોઇ કીંમત વસુલ કરીએ છીએ અને ન કોઇ પર પ્રકાશન કે પ્રચાર માટે પ્રતિબંધ મુકીએ છીએ.